**C.C.No.** 1884/2025

सत्यमेव जयते

| GJRJ050024762025 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૧૧/૦૮/૨૦૨૫ |
|---|---|---|
| | ફરિયાદ દાખલ તારીખ | ૧૧/૦૮/૨૦૨૫ |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૦૯/૦૭/૨૦૨૬ |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૦ ૧૦ ૨૮ |

==================================================

**જેતપુરના મહેરબાન જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**(શ્રી ડી.એમ.પરમાર) સાહેબની અદાલતમાં**
**મુકામઃ જેતપુરનાં સમક્ષ**

==================================================

**ક્રિમિનલ કેસ નં.૧૮૮૪/૨૦૨૫**

**જે.સી.ગુ.ર.નં.૪૦૧/૨૦૨૫.**

**આંકઃ–**

**ફરિયાદીઃ–** શ્રી સરકાર.

**//વિરુદ્ધ//**

**આરોપીઃ–** કેવીનભાઈ પ્રવિણભાઈ સોલંકી ઉ.વ.૧૯
રહે.વડલી ચોક, તા.જેતપુર
જી.રાજકોટ.

==================================================

ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી આર.કે.વસાવા.
આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રી બી.બી.પરમાર

==================================================

==================================================

**ગુનોઃ– ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ તથા**
**એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબ.**

==================================================

## // ચુ કા દો //

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૮/૭/૨૦૨૫ ના ક.૧૪/૩૦ વાગ્યાથી કલાક ૧૫/૦૦ વાગ્યે આ કામનાં આરોપીએ પોતાના હવાલા મો.સા. નં.જી.જે.૦૩.બી.પી.૦૯૮૩ વાળો જેતપુર ગોંડલ દરવાજા પાસે પુર ઝડપે અને ગફલતભરી રીતે મનુષ્ય જીંદગી જોખમાય તે રીતે ચલાવી મળી આવતા, આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ હોય, તે સંબંધે પોલીસ તપાસ અધિકારીએ તપાસ કરી, લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો જણાતાં અત્રેની કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) ત્યારબાદ સદર ગુના સબબ આરોપીને સમન્સ કાઢતાં, સદરહુ સમન્સ આરોપીને બજી જતાં, આરોપી તેમના વકીલશ્રી મારફતે હાજર થતાં તેઓને બી.એન.એસ.એસ.ની કલમ– ૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી. ત્યારબાદ આ કામના આરોપીઓ સામેના ગુના અંગેનું આંક–૩ આરોપીની પ્લી નોંધવામાં આવેલ. જે દરમ્યાન આરોપીએ ગુનાની હકીકતનો ઈનકાર કરેલ.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

**મૌખીક પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી ગીરીરાજભાઈ અશોકભાઈ વાઘેલાની જુબાની | ૧૦ |
| ૨ | પંચસાહેદ મુકેશભાઈ મથુરદાસ ધાણકની જુબાની | ૧૨ |
| ૩ | પંચસાહેદ ગોવિંદભાઈ લીલારામ મુલચંદાણીની જુબાની | ૧૪ |
| ૪ | ત.ક.અ.મિલનસિંહ જીવાભાઈ ડોડીયાની જુબાની | ૧૬ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૧ |
| ૨ | પંચનામુ | ૧૩ |

(૪) ત્યારબાદ આરોપીનુ બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવતાં તેઓ બચાવના સાહેદ તપાસવા માંગતા નથી કે સોગંદ ઉપર પુરાવો આપવા માંગતા નથી વિશેષમાં તેઓ નિર્દોષ છે તેમના પર ખોટી ફરીયાદ કરી ખોટો કેસ કરેલાનું જણાવેલ છે.

(૫) ત્યારબાદ ફરિયાદપક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી તથા બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ.

(૬) આ કેસના આખરી નિર્ણય સારૂં મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, તા.૮/૭/૨૦૨૫ ના ક.૧૪/૩૦ વાગ્યાથી કલાક ૧૫/૦૦ વાગ્યે આ કામનાં આરોપીએ પોતાના હવાલા મો.સા. નં.જી.જે.૦૩.બી.પી.૦૯૮૩ વાળો જેતપુર ગોંડલ દરવાજા પાસે પુર ઝડપે અને ગફલતભરી રીતે મનુષ્ય જીંદગી જોખમાય તે રીતે ચલાવી મળી આવતા, આરોપીએ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ શું આખરી હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ નકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

**//નિર્ણય અંગેના કારણો//**

**<u>મુદ્દા નં.૧, ૨.</u>**

(૮) ભારતીય સાક્ષ્ય અધિનિયમ મુજબ ફરિયાદપક્ષની હકીકત પુરવાર કરવાનો બોજો ફરિયાદ પક્ષ પર રહેલો છે. આરોપી સામે લગાવવામાં આવેલ તહોમત અંગેની જોગવાઈઓ ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

(૮.૧) **B.N.S. ACT,** 281. **Rash driving or riding on a public way.**—Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

(૮.૨) ધી મોટર વ્હિકલ એકટની કલમ ૧૭૭:-

વાહન ચલાવવાના કોઈ નિયમો કે જોગવાઈઓ કે જેની કોઈ સજા નિર્ધારીત કરવામાં ન આવી હોય તેનો ભંગ કરવામા આવે તો આ કલમ હેઠળ કસુરવાર ઠરે.

(૮.૩) ધી મોટર વ્હિકલ એકટની કલમ ૧૮૪:-

જે જગ્યાએ વાહન હંકારવામા આવી રહેલ હોય તે જગ્યાનો પ્રકાર, સ્થિતિ અને વપરાશ સાથે સાથે તે વખતે ટ્રાફીકની ખરેખર ભીડ હોવી કે જે જગ્યાએ હોવાનુ વાજબી રીતે ધારણા હોય તેવુ કેસના તમામ સંજોગોને ધ્યાને લેતા જાહેર પ્રજા માટે જોખમ ઉભુ થાય તો તેવી ગતિથી મોટર વાહન હાંકે તો તે વ્યકિત આ કલમ હેઠળ કસુરવાર ઠરે.

(૯) સદરહુ કામે રેકર્ડ પરનો પુરાવો જોતાં, ફરીયાદપક્ષે **આંક-૧૦થી ફરીયાદી ગીરીરાજભાઈ અશોકભાઈ વાઘેલા**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે,તારીખ-૦૮/૦૭/૨૦૨૫ના રોજ તેઓ તથા સાથેના

એ.એસ.આઈ એ.આર.બારડ એમ તેઓ બંને જેતપુર સીટી પો.સ્ટે વિસ્તારમા ટ્રાફિક અંગે કામગીરીમા હતા. તે દરમ્યાન જેતપુર ગોંડલ દરવાજા પાસે આવી વાહન ચેકિંગ કરતા હતા ત્યારે ગોંડલ દરવાજા પાસેથી એક મો.સા. ચાલક પોતાના હવાલાવાળુ મો.સા. પુર ઝડપે બેફીકરાઈથી માનવજીંદગી જોખમાઈ તે રીતે ચલાવી નીકળતા તેને હાથનો ઈશારો કરી વાહન રોકવાનુ કહેતા પોતે થોડેક દુર પોતાનુ વાહન ઉભુ રાખેલ. ત્યારબાદ સાથેના એ.એસ.આઈ. એ.આર.બારડ નજીકમાંથી બે રાહદારી પંચો બોલાવી હકીકતની સમજ કરી મજકુર વાહનચાલકનુ પંચો રૂબરૂ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ કેવિન પ્રવિણભાઈ સોલંકી ઉ.વ. ૧૮ રહે–જેતપુર , વડલીચોક વાળો હોવાનુ જણાવેલ. મજકુર ઈસમ પાસે રહેલુ વાહન આર.ટી.ઓ નં–GJ03BP0983 વાળો હોવાનુ જોવામા આવેલ. મજકુર ઈસમ સામે બી.એન.એસ. કલમ–૨૮૧ તથા એમ.વી.એક્ટ–૧૭૭,૧૮૪ મુજબનો ગુનો દાખલ કરી. ધોરણસર કાર્યવાહી કરેલ હતી. જે અંગે પોલીસમા ફરીયાદમા આપેલી. તેમને જે ફરીયાદ બતાવવામાં આવે છે તેમા તેમની સહી છે. જેને તેઓ ઓળખે છે. આરોપીને જોયેથી ઓળખે છે. જે આંક-૧૧ થી રજુ છે. આરોપીને જોયેથી ઓળખે છે જે નામદાર કોર્ટમા હાજર છે તે જ છે.

બચાવપક્ષ દ્બારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, સદર બનાવ દરમ્યાન ટ્રાફીક અંગેની કામગીરીમા હોય જે બાબતનો કોઈપણ આધાર પુરાવાનો વિગત ફરીયાદમા દર્શાવેલ નથી, પ્રથમ પંચનામુ કરેલ ત્યારબાદ ફરીયાદ

આપેલ, તેમની ફરીયાદમા પંચોના નામ સરનામા નથી. વધુમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતુ મોટરસાયકલ કોની માલીકીનુ હતું એની કોઈ વિગત ફરીયાદમા નથી, આરોપીની ઓળખ અંગેનો આધારપુરાવો દર્શાવતી કોઈ વિગત ફરીયાદમા દર્શાવેલ નથી, બનાવવાળી જગ્યાએ સ્પીડ અંગેના બોર્ડ લગાવવામા આવેલ નહી, કહેવાતા બનાવમા કોઈને ઈજા થયેલ હોય કે કોઈ વાહનમા નુકસાન થયેલ હોય તેવુ બનેલ નથી.

(૧૦) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ તરફથી આંક–૧૩થી પંચનામું રજૂ કરી, સદરહુ પંચનામાના પંચ સાહેદ મુકેશભાઈ મથુરદાસ ધાણકને આંક–૧૨થી તેમજ બીજા પંચસાહેદ ગોવિંદ લીલારામ મુલચંદાણીને આંક–૧૪થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. ઉપરોક્ત પંચ સાહેદો તેઓની ઊલટતપાસમાં તેઓએ તૈયાર લખેલા કાગળમાં  સહી કરેલી આ સિવાય તેઓને કાંઈ જાત માહીત ન હોવાની હકીકત જણાવેલ છે. આમ, આ કામે ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલા સ્વતંત્ર અને તટસ્થ કહી શકાય તેવા પંચનામાના પંચ સાહેદે આંક–૧૩થી રજૂ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૧૧) ત્યારબાદ આ કામે ફરિયાદપક્ષ દ્વારા આ કામના ત.ક.અ.મિલનસિંહ જીવાભાઈ ડોડીયાનાઓને આંક–૧૬ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે, તા ૮/૭/૨૦૨૫ ના રોજ  સ્ટાફના માણસો સાથે ગોંડલ

દરવાજા ખાતે ટ્રાફિકની કામગીરીમાં હતા. તે દરમ્યાન એક મોટર સાઈકલ ચાલક પૂરઝડપે અને ગફલભરી રીતે માનવ જિંદગી જોખમાય તે રીતે પોતાનું મો.સા ચલાવી નીકળતા  સ્ટાફના માણસોએ રોકવાનો ઈશારો કરતા થોડે દૂર જઈને ઉભુ રાખેલ. જે ઇસમ પાસે જઈને તુરંત જ પંચો બોલાવી કલાક ૧૪.૦૦ વાગે પંચો રૂબરૂ મજકુર ઈસમનું નામઠામ પૂછતા પોતે પોતાનું નામ કેવિન પ્રવીણભાઈ સોલંકી ઉ.વ ૧૮ , રહે – વડલી ચોક, જેતપુર હોવાનું જણાવેલ.ત્યારબાદ મજકુર સદર ગુના માટે સાથેના પોલીસ હે.કો ગિરિરાજભાઈ અશોકભાઈ વાઘેલાનાઓએ તેમની રૂબરૂ ફરિયાદ રિપોર્ટ આપેલ. પંચનામાની વિગતે કલાક ૧૫:૦૦ વાગે પંચનામુ પૂર્ણ કરેલ.મજકુર ઇસમને બી.એન.એસ ની કલમ ૩૫(૩) મુજબની નોટિસ આપેલ. સદર કામે આરોપી વિરુદ્ધ પૂરતા પુરાવા મળતા ચાર્જશીટ રજુ કરેલ. બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં એ વાતનો સ્વીકાર કરેલ છે કે, કહેવાતો બનાવવાળો વિસ્તાર રહેણાક વિસ્તાર છે, કહેવાતા બનાવવાળી જગ્યા પર ઘણા બધા વાહનો તથા માણસોની અવરજવર રહે છે અને આજુબાજુ ઘણા બધા લોકો રહે છે. એ વાત ખરી છે કે સદર કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ ખાનગી વાહનમાં કે સરકારી વાહનમાં ગયેલ તે ફરિયાદમાં દર્શાવેલ નથી.

(૧૨) ન્યાયના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવો પડે. હાલના કેસમાં રજૂ થયેલ

ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતાં વર્તમાન આરોપીએ બેફીકરાઇથી માનવ જીંદગી જોખમાઈ તે રીતે વાહન હંકારેલ હોઈ તેવો કોઇ પુરાવો ફરીયાદપક્ષે આપવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષના પંચોએ પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી તથા સદર કામે સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી તેવું ત.ક.અ.શ્રીએ સ્વીકારેલ હોય જેથી ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવાના સંદર્ભે જયારે ફરિયાદપક્ષના મહત્વના સાક્ષીઓ દ્વારા જ ફરિયાદપક્ષની હકીકતને સમર્થન મળેલ ન હોય તે સંજોગોમાં આરોપી સામેની વધુ કાર્યવાહી ન કરતા ફરિયાદપક્ષની હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. તે સંજોગોમાં આરોપી સામેના આક્ષેપિત ગુનામાં આરોપીને પોતાના બચાવ માટેનો લાભ મળે છે. જેથી ફરિયાદપક્ષના સાહેદો દ્વારા રજૂ થયેલ પુરાવાઓ દ્વારા આરોપી સામે મુકવામાં આવેલ તહોમત પુરવાર થતું ન હોય ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરેલ ન હોય મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## <u>//હુકમ//</u>

૧. આથી આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**C.C.No.**1884/2025

૨. આરોપીના જામીનખત આથી રદ કરવામાં આવે છે. વધુમાં આ કામના આરોપીએ **ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા ૨૦૨૩ની કલમ-૪૮૧ મુજબ** રૂ.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા)ના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે. વિકલ્પે અગાઉના જામીનદારની પુરસીસ રજૂ કરવી.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૦૯, માહેઃજુલાઈ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૦૯/૦૭/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

**(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)**

**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**જેતપુર.**

**UIC-GJ**01563.

k.m.v.guj.steno